શ્રી

પાયમાલીનો પહાડ

યાને

દુર્ગુણનો દરીયો.

છપાવી પ્રસિદ્ધ કર્તા

મેસર્સ માણેકલાલ રામસહાય દલાલ.

અહેમદાવાદ—[ગુજરાત].

આવૃત્તિ પહેલી. પ્રત ૨૦૦૦ સને ૧૯૦૫

અમદાવાદ—ખાડીઆ—કન્નીશ્વરની પોળમાં, ધી “જ્ઞાનવર્ધક” પ્રી. પ્રેસમાં ચાંદીતલાલ ન્યાલચંદ દોશીએ છાપ્યું.

કીંમત ૦—૦—૬

વહેપારી એજન્ટો

કનૈયાલાલ એન્ડ કંપનીની

જગપ્રસિદ્ધ સર્વો

જુલાબની ગોળીઓ

આખા હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં જેની તારીફ રહેલી છે. ઘણા દવાખાનામાં પણ વપરાય છે ડાક્તરો સરટીફીકેટ તે ઉત્તમ સિદ્ધ થયેલી છે. આ ગોળીઓમાં કોઇ પણ ઝેરી દવા ખવામાં આવતી નથી. બાળકને પણ ખુશીથી અપાય છે. ન

આખા હીંદુસ્તાનમાં અમોએજ પહેલવહેલી બનાવેલી છે માટે ન માલાથી સાવધ રહેવું. દરેક વીલાયતી દવાની દુકાને મળશે.

સૂચીપત્ર મંગાવો. પત્રવ્યવહાર નીચે પ્રમાણે કરવો.

સોલ એજન્ટ

એચ. એમ. શુકલ.

આણંદ.

પાયમાલીનો પહાડ

યાને

દુર્ગુણનો દરીયો.

રાગ (સૈદા તારો ખુબ છે હાડ.) એ ટેક.

જમાનો તો બદલાયોરે, હળાહળ કળજુગ આવ્યોરે—એ ટેક.
હિંદ તણા ઉદયને માટે, અરજ કરૂંછું આજ—૨
પાર્થી આ મુરખને નહિ ફાવે સાચે સાચી વાત,
વિચારવંતા વિચાર કરશો—૨ રે. જમાનો.

ઉંચ હતા તે નીચ બન્યા કંઇ, નીચ તે ઉંચ મનાય—૨
ધર્મને નામે ધાડજ આવી, પાપને પંથ મળાય
અંધાપો ધોળે દી આવ્યો—૨ રે. જમાનો.

જે પ્રેમદા પડદે રહેનારી, તે ધરી બેઠી પોશાક—૨
ઈશ્વરનો ડર ઝાલી બજારે, માલી રહી છે અથાગ
એવો આંડો અક્કલ આવ્યો—૨ રે. જમાનો,

નીતી રીતી સૌ નેવલે મુકી, ઉર અનીતિ ચઢાય—૨
ફૈશન બાઇને ફદે ફસાયાં, રંક ને મોટા શાંય.
[illegible] ચાપ બનાયો—૨ રે. જમાનો

... ને વેર વધ્યા ગૃહસ્થામાં, વ્યસન ભર્યાં વિધવિધ—૨
આફિન અફીણ ને દારૂના બોટલ, હોટલમાં જઈ પીએ
ગાંજાથી ગર્થ ગુમાવ્યો—૨ રે. જમાનો ૫

જ્યાં જૂના ગૃહ ચાંદી સોનાના, પાત્ર તણો નહીં પાર—૨
તે રાજમંદીરમાં જઈ જોતાં, દેખાય ઠારો ઠાર
લોખંડનો ઠાટ ભરાયો—૨ રે. જમાનો ૬

મુદ્દલ ચેન પડે નહિ, ચા, બિસ્કુ, ચાએ વાળ્યો દાટ—૨
રાયથી માંડીને રંક કહાવે, સૌને થયો સનિપાત
વિલાયતનો વાયુ વાગો—૨ રે. જમાનો ૭

સેન્ટ લવન્ડર લેમ્પથી મોહ્યા મોટરમાં મશગુલ—૨
આહરીકલને ભાઈ વર્યા છે—આપી મોં માગ્યાં મુલ
ગળે નેકટાઈ લગાયો—૨ રે. જમાનો ૮

દાતણ બાવળનાં બદલાયાં બ્રશથી મોહ્યું મન—૨
અંજન મંજનમાં થઈ રંજન, ધુળ કરે છે ધન
લાડીનો જાય ગણાયો—૨ રે. જમાનો ૯

ત્રાંબા પિતળનો પારજ આવ્યો, લોખંડ ઘેર ઘેર—૨
જ્યાં નીરખો ત્યાં ટેબલ ખુરસી, બીલોર ઠેરે ઠેર
યુરોપી ઠાઠ મચાયો—૨ રે. જમાનો૧૦

દેશનો વેશજ બેશ ન લાગે, વધ્યું વિદેશથી વાલ—૨
બુટ મોજાં પાટલુન ચઢાવી, [illegible] બેશના બાલ
[illegible] સાહેબનો જાયો—૨ જમાનો૧૧

સ્ટોકીંગ કોલર કોટ ને જાકીટ, જોઇએ વીલાયતી સ્ટીક—૨
ચાંદલીઆ ચરમાં તો ચોટ્યાં, ઠોસે ખાન્ડી ઠીક
ચીરુટનો છે હડકાયો—૨ રે. જમાનો૧૨
" બી, એ, બનીને ભાઇ બીએ છે, બાઈ થકી ઘરમાંય—૨
બાહેર બીલ્લી થકીજ બીએ છે, તે શું ઉકાળે હાય
જનેતા—એ શીદ જાયો–૨ રે જમાનો૧૩
વકીલ, વૈદ ને વેશ્યાઓનું, ઝાઝું વધ્યું હતું જોર–૨
વિત હરે વસુધાપરથી હા, કરે છે શોર બકોર
રૂડો કાયદો તો રચાયો–રે. જમાનો૧૪
વકીલની પરીક્ષા બંધ કીધી, વેશ્યાઓને કીધી દુર–૨
વૈદને માટે ઘાટજ ઘડજો, ભાંગજો તેમનું જોર
પ્રજાની દયા દીલ લાવો—૨ રે " જમાનો.૧૫
શીશ થકી શીખા સટકી તે, હાથ લટકીજ લેલાટ–૨
નીચી નમી નમી શું સુચવે છે, વિદ્વતામાં ઉંધી વાટ
દેશની દાઝ ન લાગ્યો–૨ રે. જમાનો.૧૬
ભણી ગણીને સૌ જન ઇચ્છે, નિર્લજ નોકરી ઉર–૨
સુર ને નુર ગુમાવી બેઠા, બની ગયા અસુર
ગુર્જરેશ્વરી ગાત્ર ગળાયો–રે. જમાનો.૧૭
[illegible]કઃ છે ધીકઃ છે એવા, દેશ દ્રોહીને ધીક્કાર—૨
[illegible]રી તજી ઘરની ગુણવંતી, જોડી ગુણીકાથી પ્યાર
[illegible]રે જર ખુબ ઉડાડ્યો—૨ રે. જમાનો.૧૮

ચીની ચલાણાં પ્યાલા રકાબી, ફાનસ ફક્કડ લીધ—૨
ફુટી જતાં ફુટી બદામ નાવી, ફોકટ ફેંકી દીધ
આંખે નવ જાય દેખાયો—૨ રે. જમાનો.૧૯

વાજાં વીવીધ પ્રકારનાં લાવી, મુક્યું ગજાવી મકાન—૨
બગડ્યું કે પછી બારજ વાગ્યા, તેનું મળે નહી ભાન
પૈસાપર પાણી ફીરાયો—૨ રે. જમાનો.૨૦

એરંડીયું તો અદ્રશ્ય થયું ને, ગંધાતું ગ્યાસલેટ—૨
પેહેલ આવી ભરાયું ઘરો ઘર, પાછી ઉઠ્યું જ્યાં પેટ
પારો કર્યાં જાય બંધાયો—૨ રે. જમાનો.૨૧

દેશની દોલત હાય વીદેશ; એ રીતે ચાલી જાય—૨
તોપણ આંખ ઉઘાડી ન દેખે, ક્યાંથી દેશોદય થાય
આવી દારીદ્ર ભરાયો—૨ રે. જમાનો.૨૨

ચોળી મઠીને પોલકાં પેઠાં, પારસી ડ્રેસ પોસાય—૨
કેય કળાગરી કાન્તા મળે ના, વર વધુ વશ વરતાય
એ તે વર કેઃ ઘર જાયો—૨ રે જમાનો.૨૩

ઝાયલા છીદડી ગયાં છુપાઇ, ગયનથી ગુલતાન—૨
ચુડી મટી ચતુરામાં વધ્યું છે, બંગડી બાદનું માન,
કાને એરીંગ અડાયોરે—૨ રે. જમાનો.૨[illegible]

નારીક વસ્ત્ર વપુએ ધારી, નારી હૈયે હરખાય—૨
અંગ તમામ દેખાઇજ આવે, સુધ જોઇ શરમાય

ગુણીકાનો વેશ ભજાવ્યો—૨ રે. જમાનો.૨૫

રાંડી તે ઘર માંડી બેઠી, માંડી બાંધી પર પ્યાર—૨
અકલાણી થઇ દેવ મંદીરમાં, કરે છે વ્યભીચાર
પતીવ્રતાનો પારજ આવ્યો—૨ રે. જમાનો.૨૬

પાન ખાઇ પીચકારી મારે, રાખે મુખડું લાલ—૨
બારીએ બેઠી નારી એ બોલે, બોલે મુખથી બે તાલ
મલાજો છેક મુકાયો—૨ રે જમાનો.૨૭

લાયક ઉંમરની લલના કદી વૈધવ્યતાને થાય—૨
પુનર્લગ્ન કરવા તેનું, શાસ્ત્રની મુકી આજ્ઞાય
પત્રે ઢંઢેરા પીટાવ્યો—૨ રે જમાનો.૨૮

બાળા વરસે બારજ કેરી, બાળકીમાંજ લેખાય—૨
જે રમી રાજી થતી ઢીંગલીએ તે ગર્ભવંતી થાય
સારો દી જાય કહાયો—૨ રે. જમાનો.૨૯

પાખંડીને પુરા પ્રેમથી પુજે, સાધુને ચીત ન ચાય—૨
ધર્મીને ધામે ધાડજ આવે, પાપી પનોતા થાય
દ્રષ્ટીએ જાય દેખાયો—૨ રે. જમાનો. ૩૦

પાખંડ પ્રપંચ વૃદ્ધિ પામ્યા, ચોરી ચાડી જુઠ જાર—૨
સત્ય સરી પાતાળે પેઠું, જામી ગયો છે જુગાર.
હશે શું દેવને ભાવ્યો—૨ રે. જમાનો.૩૧

કુઆચારને પ્રેમથી પુજે, પંડિત ના પુજાય—૨

હામ ભલે પછી તે અહવેત્તા, એવો અરે અન્યાય.
ઠાગીમાં જોય કળાયો—૨ રે. જમાનો. ૩૨

પૈસા પડાવા પુત્રીને વેચે પેખી પળીઓસ કંથ—૨
અંગની શક્તિ ભંગ થઇ, જેના ડાચામાં ન મળે દંત
બોખો કહી જાય બોલાવ્યો—૨ રે. જમાનો. ૩૩

પેપર માસીકમાં વળી છુટી નોટીસ બહુ નીરખાય—૨
વૈદ તણું જાણે ન્હાણુજ ફાટયું બની લુંટારા હોય.
ખરે દેશ લુંટીને ખાયો—૨ રે. જમાનો. ૩૪

અપકાબંધ લાપણો કરીને, લોકોને ફસાવે—૨
ભોળા બીચારા હિંદ વાસીયો, સારી રીતે લોભાવે
ધુતારાનો તાસ છે કેવો—રે. જમાનો. ૩૫

આવું અવળું સમજાવીને, દેશ બધો ધુતી ખાય—૨
એવા ધુતારા દેશમાં ફાટયા, માટે જાગો હાય
નહિતો દેશ ફોલીને ખાશે—૨ રે. જમાનો. ૩૬

પાંચ દશ મિત્રો ઉભા થઇને, કંપની કાઢે છે—૨
આઇ મેનેજર સાગો એજંટ, કમીશન બનેવીનું આપે છે
યુક્તિએ શેરો વેચાવે; લોકોને રપોડી ચોળાવે—૨ રે. જમાનો. ૩૭

કરજે નાખું કાઢવા જાતાં, પુત્ર બને છે બાપ—૨
દેવા પડે જ્યારે દામજ ત્યારે, બની બેસે છે બાપ—૨
ભુંડે ભાર બોજ ગુમાવ્યો—૨ રે. જમાનો. ૩૮

ચોર હતા તે શાહ બન્યા કંઈ, શાહ બીચારા ચોર—ર
વારૂજ ! ! તેની ધાડજ આવી, કયાં કરશે જઈ શોર
અરે બીજે ખેતને ખાયો—ર રે. જમાનો. ૩૯
નીચ સજી સણગારજ સુંદર, ચાલી ફરે બડીયાળ
મારગમાં કદી સામા મળે તો કોણુ કરે તે કાળ
કશે મોટા ઘરનો, જાયો—ર રે. જમાનો. ૪૦
મેળા ખેળામાં જઈ જોતાં, દીલ મારૂં દુખાય—ર
ઢેડને ભંગી સામા મળે તો, ધક્કો મારી ઘુસી જાય
તોયે નહિ દુર ખસાયો—ર રે. જમાનો. ૪૧
દેવ વસ્યા જઈને ડુંગરામાં, મકકે સોહે પીર—ર
રામનું રાજ છતાં ગાડીઓમાં (અંગ્રેજ) આપે બીક
મુખેથી કંઈ ન કેવાયો—ર રે. જમાનો. ૪૨
કહેવાય ત્યારે ઠાકોર મોટા પણુ ઠાઠ કીધો દુર—ર
કન્યા કુળવાનની નહિ લેતાં, જે પુરે પૈસા ભરપુર
તે પાસે હસ્ત લંબાવ્યો—ર રે. જમાનો. ૪૩
દેવ દીઠા ન ગમે દ્રષ્ટીએ તિરથ પ્રત્યે વેર—ર
લેવા સપારે ભાઈ સીધાવે લાયક લંડન શહેર
વર્ષો પ્રીતનો વરસાવ્યો—ર રે. જમાનો. ૪૪
હવા સરદાર શુરા દીસે છે લઈ પટાકડું હાથ—ર

કામર તેતર હોલા હણીને, ડુબાવે જગ નાથ
સુરો નહિ સિંહ મરાયો—૨ રે. જમાનો. ૪૫
પુરૂષમાંથી ઘટયું પુરૂષાતન, જામ્યું ત્રિયાનું રાજ—૨
બાઇ બીલાડી, ભાઇજા ઉંદર, એવું બન્યું છે આજ
બુરો બાળલગ્ન ભરાયો—૨ રે. જમાનો. ૪૬
બેસી ગયાં ડાચાં બુઢીયાનાં શ્વેત થયા શીર કેશ—૨
તોય રહ્યો વળગી વ્યભીચારે, મુખપર ચોપડી મેંશ
કામી કામથી ન ધરાયો—૨ રે. જમાનો. ૪૭
માત પીતા થઇ પાળક પોતે, બાળકને દઇ બોધ—૨
પેટ નીમીતે પાપ કરાવે, કરી કારમો ક્રોધ
કહું શું ન જાય કથાયો—૨ રે. જમાનો. ૪૮
વાળ પરાયા થાય ભલે પણ, લે અસમાન મકાન—૨
પાળક બાળકનો થઇ પોતે, ઘાલી એવું ઘમશાન
હૈયામાં હાથ ડુબાડ્યો—૨ રે. જમાનો. ૪૯
કોણ કવિનો ભાવ પુછે છે, ભાંડ ભવૈયા ચાય—૨
થાય ખુશી નાયકાને નચાવી, ગીત તેમાં વપરાય
ગોવિંદને કંઇ ન અપાયો—૨ રે. જમાનો. ૫૦
ઉત્તમ સાક્ષરના કરતા પણ, પુસ્તક ના પોસાય—૨
નાટકમાં નાણું ખુબ ખરચે, ગીથરડાં ગીત થાય
સાહિત્યને ના શણગાર્યો—૨ રે, જમાનો. ૫૧

પાળી પોષી મોટા કીધા પુત્રો ઝાઝાં લડાવી લાડ—૨
વૃદ્ધપણે લાકડી લઇ ઉઠે, ભાંગે પીતાના હાડ
વદ્યો નવ જાય વળાવ્યો—૨ રે. જમાનો. ૫૨
નાટક સરકસ ને જાદુના, ખેલ વધ્યા વિધવિધ—૨
વીત હરી વસુધા પરથી હા, સૌને ભીખારી કીધ
ખરો કુછંદ લગાયો—૨ રે. જમાનો. ૫૩
શહેરમાં હોટલ ગામડે હોટલ, હોટલ હોટલ હાય—૨
વર્ણ અઢારે આવી ભરાઇ, ચા ને બીસકુટ ખાય
અભક્ષા ભક્ષ ઉડાયો—૨ રે. જમાનો. ૫૪
પાણી પવિત્ર ગણે ન ભુદેવો, ગામ ગમાતરે જાય—૨
ભણુ ભજીયાં ભૈયાની દુકાનેથી, ખાંતે લઇને ખાય
અનાચાર આવી ભરાયો—૨ રે. જમાનો. ૫૫
સૌ થકી ઉત્તમ દ્વીજ કહાવે, પણ થઇ બેઠા નીચ—૨
લક્ષ્મીની લાલચે લપટાઇ કરતા પ્રપંચી કીચ
દેખી ના જાય ખમાયો—૨ રે. જમાનો. ૫૬
વિપ્રો તો વળી છેક વંઠયા, જેથી ધરાધર અથડાય—૨
બ્રહ્મજ્ઞાન જાણે નહિ તો, ક્યાંથી તે પોષાય
આંગે મુળથી ખવાયો રે.—૨ જમાનો. ૫૭
આવે તો વળી બે બી રાખી, ચેલે રાખી ચાર—૨

ખાખી તો ખોળતાજ ફરે છે, ચોળી મફતની છાર
સંગોટે ભેખ લજાવ્યો—૨ રે. જમાનો. ૫૮

નારી ગઇ સ્વધામ સીધારી, સંપત્તિ પામી નાશ—૨
કે ભાઇ પોતે મુંડ મુંડાવી, બેઠા લઇ સન્યાસ
ગૃહસ્થોને પાય પડાયો—૨ રે. જમાનો. ૫૯

કોઇ જમાત લઇ રખડે છે, રાજેશ્વરી ઠાઠ—૨
સિદ્ધને સાધક બેસ બનીને, વાળ્યા ગામેગામ દાટ
મલીદા માલ ઉડાવ્યો—૨ રે. જમાનો. ૬૦

આચારનો નથી અંશજ જેમાં, જાણે ન શાસ્ત્રોનો ભેદ—૨
થાય તેની ગણત્રી જ્ઞાતીમાં, અંતર પામે ખેદ
સાધુ શેઠ માંય ગણાયો—૨ રે. જમાનો. ૬૧

પાખંડી દંભી બની બેઠા, સાચા સંત મહંત—૨
તેમણે તો ડખા પંચક કીધું, કાઢિને કલ્પિત પંથ
સારા જગને ભરમાવ્યો—૨ રે. જમાનો. ૬૨

આજ ગુરૂ એવા અવલોકી શકે સમાવી ન શોક—૨
પણ ધુતી ધન શિષ્યનું લેતાં પાકી મુકાવે પોક
જુઠા ગુરૂ નામ ધરાવ્યો—૨ રે. જમાનો. ૬૩

અંધ ગુરૂને શિષ્યજ બહેરા, એવું બન્યું છે આજ—૨

તેમ છતાં બની સિદ્ધના બેટા, ખાલી કરે પતરાજ
દેખી મમ દીલ દુખાયો–૨ રે. જમાનો. ૬૪

ભારત ભાગવત કે રામાયણુ, રૂડી રીતે વંચાય–૨
ત્યાં જઈ સાંભળતાં ઉંઘ આવે, મારે ગપાટા ગામમાંય
સારી રાત જાય જગાયો–૨ રે. જમાનો. ૬૫

ચાર ઘડી ચીત ઠારવા માટે, દેવ મંદીર ગણાય–૨
ત્યાં પણુ રંગીત પારણાં ઝુલે, દેખું. ઘોડા ને ગાય.
ભોંભોં શબ્દ જાય સુણાયો–૨ રે. જમાનો. ૬૬

ઘટી ગયો કસ ભુગોળમાંથી, ઘટયો સંબંધીનો સ્નેહ–૨
વળી સ્વાદ ઘટયો ઘૃતમાંથી, ખરેખર ઉતરે આછા મેહ.
કયાંથી દોસ્ત મરાયો–૨ રે. જમાનો. ૬૭

કોઇ તણુા મનમાં નવ દેખું, અંશ દયાનો લગાર–૨
જ્યાં ને ત્યાં હું નજરે નિહાળું, તામસનો ભંડાર
ખરે કંઇ આવી ભરાયો–૨ રે. જમાનો. ૬૮

કેતાં આ રસના પડે તુટી, આવ્યો આડા આંક–૨
કેવી કરે કાળી ભગીજે ટાંકુ અસત્ય ન ટાંક
પ્રભૂ જાણે કયાંય છુપાયો–૨ રે. જમાનો. ૬૯

॥ સતયુગે ત્રેતામાં સિતાય—૨
દ્રુપદ સિતા, આજ ઘરો ઘર થાય
ન્યાયો—૨ રે. જમાનો. ૭૦

જે ગુજરાત વિશેજ હતી હા, લક્ષ્મીની લીલા લ્હેર—૨
ત્યાં ભટકે છે ભીખારીનાં ટોળાં, આપીને ઘેર ઘેર
ઉઘાડે અંગ દીખાયો—૨ રે. જમાનો. ૭૧
ભાગ્ય ભલાં કે ભારતમાંહી, પાકે મરીનું કપાસ—૨
ચીજો તંબાકુએ રંગ રાખ્યો, નહિતો થાત નીરાશ
તથાપી ના સમજાયો—૨ રે. જમાનો. ૭૨
" ધન્ય છે ધન્ય છે ઇંગ્લીશ રાજને, ધન્ય છે ("ज्योर्ज")રાજન—૨
પ્રજાનાં દુઃખ દુર કરવાને, આનંદે ઉછાળો મન
રામચંદ્ર સમ કીર્તી કેહાવો—૨ રે. જમાનો. ૭૩
ચેતો ચેતો ચીતમાં નરનારી, બાજી હજી છે હાથ—૨
દેશની દોલત દેશમાં રેવા, હુન્નરથી ભીડી બાથ
કરો ઉન્નતીના ઉપાયો—૨ રે. જમાનો. ૭૪
સુંય કયુ કથવાનું ઘણું છે, કેતાં નાવે પાર—
" शारदा " " ने मेरी" માતાની રહામથી, ટુંકામાં ટાંક્યો સાર
સૌને સમજી બેન ભાઇઓ—૨ રે. જમાનો. ૭૫
વૃક્ષનું મુળ ખવાયજ આવે, તો તે રહે શું ક્યાર—૨
તેમાં વિદેશી મોહ ટળ્યો નથી ત્યાં લગી થાશો ખુવાર
સ્વદેશીએ રાસડો ગાયો—૨ રે.

ચારૂતરનું અમૃતબિંદુ.

નિચેના રોગોમાં ખાસ તત્કાળીક ગુણ કરે છે.

મંદ જઠરાગ્નિ.	દાંતમાં પીડા	એનીમી. શુળ
અપચો.	અવાળુ ફુલવા.	નાગરદાઝ,
ઓડકાર	મો આવવું.	આગીલ.
મરડો, ઝાડા.	મોની દુર્ગંધ.	ખરસ.
ઉલટી, કોલેરા.	મળાશ આવવી.	પ્રમેહ,
આંકડી, તાણ	કર્ણરોગ	ચાંદાં, ધાદાં.
ચુંક, શુળ.	દાદર, ખસ,	વિસ્ફોટક.
પેટમાં દુખાવો.	ખરજવું.	ચામડી ફાટવા.
દમ, ખાંસી.	કરોળીયા.	શરીરે ચકામાં પડવા
શરદી, સળેખમ.	ગડગુમડ.	હાથ પગમાં ચીરા પડવા
વાગણી આવવી,	દાહ-બળવા.	કીડીથી અકડાય જવું.
ઉટાંટીઉ.	ચરકા-સોજા.	ભરોળ.
માથાનો દુખાવો.	ભમારા લાગવા.	ખંજળ.
આધાશીશી	લોહી નીકળવું.	મ્હર.
માથાના સણકા.	દાઝી જવું.	માંકડ
આંખો દુખવી	કમરમાં પીડા.	મચ્છર
દાહ, તાવ.	અર્ધાંગવાયુ	મકોડા
[illegible]	વાળો નહારૂ	વંદા
મધમાંખ.	ગળામાં ખરખરી	કંસારી
ભમરી	સંધાવા. [illegible]	
વીંછુ	નાસુર	

(માંકડ … કંસારી) વગેરે જીવજંતુઓની પીડા.

(મધમાંખ, ભમરી, વીંછુ) ઝુડીઆંતીઓનાં દુઃખ